# વાલિયામાં લોટના પેકેટમાં જીવતી ઈયળ

**આદિવાસી**, ગ્રામીણ વિસ્તારમાં વાસી, સડેલો માલ પધરાવવામાં આવી રહ્યો હોવાની ફરિયાદ



ભરૂચ: ભરૂચના વાલિયા તાલુકાનાં પઠાર ગામમાં ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતાં હોવાનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગામની એક દુકાનમાંથી ખરીદેલા લોટના પેકેટમાંથી જીવતી ઈયળો નીકળતાં ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા છે.

તપાસમાં સામે આવ્યું કે આ લોટની એક્સપાયરી ડેટ ક્યારની પૂર્ણ થઈ ચૂકી હતી, છતાં માત્ર નફાખોરી માટે તેનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. જ્યારે જાગૃત ગ્રાહકે દુકાનદારને આ અંગે ફરિયાદ કરી, ત્યારે તેણે ભૂલ સ્વીકારવાને બદલે અત્યંત અઘટિત જવાબ આપ્યો કે, ડેટ જોઈને જ માલ લઈ જવો. આ વલણે ગ્રામજનોમાં ભારે આક્રોશ સર્જ્યો છે.

આવા એક્સપાયર લોટના સેવનથી ખાસ કરીને બાળકો અને વૃદ્ધોમાં ફૂડ પોઈઝનિંગ, ઝાડા, ઊલટી, પેટમાં ચેપ જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. ગામમાં હાલમાં જ આ લોટ ખાવાથી કેટલાક લોકોને તબિયત લાચારીનો સામનો કરવો પડ્યો હોવાના પણ સમાચાર છે. નોંધપાત્ર બાબત એ છે કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટના કડક નિયમો અનુસાર, એક્સપાયરી ડેટ વીતી ગયેલી ખાદ્ય સામગ્રીનું વેચાણ કરવું એ ગંભીર કાયદેસર ગુનો છે. દોષિત સાબિત થવા પર વેપારીને આકરો દંડ લાગી શકે છે અને જેલની સજા પણ થઈ શકે છે. નાગરિકો આવા પ્રકરણો સામે જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં સીધી ફરિયાદ નોંધાવી શકે છે. સ્થાનિકોએ તંત્ર પાસે તાત્કાલિક દરોડા પાડી ખાદ્ય સામગ્રીના સેમ્પલ લેવાની તેમજ લોકોના જીવ સાથે રમતા નફાખોર વેપારીઓના લાઈસન્સ રદ કરી કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે.

### ઝીણા અને અંગ્રેજીમાં એક્સપાયરી ડેટ વંચાતી નહીં હોવાથી ગેરલાભ લે છે

આ વિસ્તારના મોટાભાગના આદિવાસી અને ગ્રામીણ ગ્રાહકો પેકેટ પરની ઝીણી અંગ્રેજી વિગતો (એક્સપાયરી ડેટ, બેચ નંબર વગેરે) વાંચવામાં તકલીફ અનુભવે છે. આ મજબૂરીનો લાભ ઉઠાવી કેટલાક વેપારીઓ તેમને વાસી, સડેલો, જીવાતવાળો માલ પધરાવી રહ્યા હોવાની ફરિયાદો ઊઠી છે.

### બીજા દિવસે પણ એક્સપાયરી ડેટનું પેકેટ આપ્યું

**આઇ વિટનેશ**

"અમે આ દુકાનેથી ઘણીવાર સામાન લઈએ છીએ. મોટાભાગનો સામાન એક્સપાયર ડેટ પૂર્ણ થયેલો હોય છે. અમે ઘઉંના લોટનું પેકેટ લઈ ગયા હતા, તે એક્સપાયર હતું. દુકાનદારે અમને છૂટો લોટ લઈ જવા કહ્યું, પણ બીજા દિવસે મારા દાદાને ફરી એક્સપાયર પેકેટ આપી દીધું. ઝરીમાં જોતાં તેમાં ઈયળો નીકળી હતી. **- અંજલીબેન વસાવા, ગ્રાહક**

# ભરૂચમાં રેલવે લાઈન પાસેના મંદિરોમાં ચોરી કરતો રીઢો ઝડપાયો

**દોઢ** મહિનામાં 11 મંદિરમાં ચોરી કરી હોવાની કબૂલાત



ભરૂચ: ભરૂચ શહેર "એ" ડિવિઝન પોલીસે મંદિર ચોરીની બે ઘટનાનો ભેદ ઉકેલી રીઢા આરોપીને ઝડપી લીધો છે. સિદ્ધનાથનગરમાં આવેલા અંબાજી મંદિર અને આઠેક મહિના પહેલાં શક્તિનાથ મહાદેવ મંદિરમાં થયેલી ચોરીમાં રાકેશ બચુભાઈ મેડા (ઉં.વ.૩૫)ની ધરપકડ કરી છે.

ગત ૧૭ ઓગસ્ટે રાત્રે અંબાજી મંદિરની દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી થઈ હતી, જેના પગલે પોલીસે CCTV ફૂટેજ અને અગાઉના ગુનામાં સામેલ શંકાસ્પદોની તપાસ તેજ કરી હતી. તપાસ દરમિયાન સર્વેલન્સ ટીમને શક્તિનાથ ગરનાળા પાસે આરોપીના હોવાની ચોક્કસ બાતમી મળતાં તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ આજથી આઠ મહિના પહેલાં શક્તિનાથ સર્કલ નજીકના મંદિરમાં પણ ચોરી કરવાની કબૂલાત કરી હતી. આરોપીની મોડસ ઓપરેન્ડી આશ્ચર્યજનક હતી, તે કીમથી ટ્રેનમાં ભરૂચ આવતો, રેલવે લાઇનનાં પાટા નજીક આવતી સોસાયટીઓમાં આવેલા મંદિરોને ટાર્ગેટ કરતો, દાનપેટી તોડી રકમ ચોરતો અને અવાવરુ જગ્યાએ જઈને મુદ્દામાલ છુપાવતો હતો. પોલીસે આરોપી પાસેથી એક મોબાઇલ રૂ.૫,૦૦૦ અને ચોરીની રોકડ રૂ.૫,૭૪૦ મળી કુલ રૂ.૧૦,૭૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે. આરોપી વિરુદ્ધ ભરૂચ શહેર "એ" અને "સી" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૨૧ અને ૨૦૨૩માં ચોરીના છ ગુના નોંધાઈ ચૂક્યા છે. તપાસમાં વધુ ખુલાસો થયો છે કે, આરોપીએ છેલ્લા દોઢ મહિનામાં ભરૂચના અલગ-અલગ વિસ્તારોમાં આશરે અગિયાર મંદિરોમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. જેમાં આનંદનગર, આશ્રય સોસાયટી, ભોલાવ, જ્યોતીનગર, ઝાડેશ્વર અને નંદેલાવ રોડનાં મંદિરોનો સમાવેશ થાય છે. પોલીસ હવે આ બાકીની ઘટનાઓની પુષ્ટિ અને સંબંધિત ફરિયાદોની વિગતવાર તપાસ કરી રહી છે.

# વાલિયામાં વિધવાના સહાયના રૂપિયા બેંકમાંથી બારોબાર ગાયબ

**એટીએમ** કાર્ડ કઢાવી ઠગ રકમ ઉપાડતો રહ્યો

નેત્રંગ: મૂળ સુરતના રહીશ ૬૬ વર્ષીય વૃદ્ધ વિધવા કલાવતીબેન મધુકરભાઈ ભાટિયા વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન વાલિયા તાલુકાના પઠાર ગામે તેમના ભાઈની બેકરીમાં મદદરૂપ થવા માટે રહેતા હતા. તે સમયે કલાવતીબેને વાલિયા એક્સિસ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ તેમણે વિધવા સહાયનું ફોર્મ ભર્યું હતું. વિધવા સહાયનો પ્રથમ હપ્તો રૂ.૨૫૦૦ તા.૨૪-૦૮-૧૦૨૧ના રોજ તેમના હજીરા ખાતેની બેંક ઓફ બરોડાના ખાતામાં જમા થયો હતો. ત્યારબાદ નિયમિત પૈસા જમા થતાં હતા, પરંતુ જૂન ૨૦૨૩થી વિધવા સહાયનો હપ્તો બંધ થઈ ગયો હતો. તેમણે બેંક ઓફ બરોડામાં તપાસ કરતાં ત્યાં પૈસા જમા થયા ન હોવાનું જાણવા મળ્યું હતું. બેંક દ્વારા તેમને જણાવાયું કે બીજી કોઈ બેંકના ખાતામાં પૈસા જમા થતાં હશે. તેમણે વાલિયા ખાતેની એક્સિસ બેંકમાં જઈ તપાસ કરી અને બેંક સ્ટેટમેન્ટ મેળવતા ખાતામાં નિયમિત રૂપિયા જમા થતાં હોવાનું જાણવા મળ્યું હતું. બેંક ઓફ બરોડાના ખાતાને બદલે વાલિયા એક્સિસ બેંકનો ખાતા નંબર વિધવા સહાયમાં કેવી રીતે બદલાઈ ગયો તેની કોઈ સમજ પડી નહીં.

બેંક સ્ટેટમેન્ટમાં તેમના મોબાઈલ નંબરને બદલે બીજો જ નંબર લિંક થઈ ગયો હતો અને કોઈ અજાણ્યા ઇસમે બેંકનું એટીએમ કાર્ડ મેળવીને તેનો ઉપયોગ કરી રૂપિયા ઉપાડતો હોવાની જાણ થઈ હતી. તે અજાણ્યા ઇસમે કોઈ રીતે તેમની વિધવા સહાયની વિગતોમાં બેંક ઓફ બરોડાનો એકાઉન્ટ નંબર બદલીને વાલિયા એક્સિસ બેંકનો એકાઉન્ટ નંબર લિંક કરી દીધો હોવાનું બહાર આવ્યું હતું.

પોતાને મળતા વિધવા સહાયના રૂપિયા કોઈ અજાણ્યો ઇસમ ઉપાડી લેતો હોવાની જાણ થતાં વિધવા મહિલા કલાવતીબેન ભાટિયાએ અજાણ્યા ઇસમ વિરુદ્ધ વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કીમમાં 5 લાખની ચોરીમાં મુખ્ય આરોપી જલગાંવથી પકડાયો

**આરોપીઓ** ચાર દિવસના રિમાન્ડ પર, 5 લાખ રોકડા કબજે



કીમ: કીમ ગામના શિવાજીનગર વિસ્તારમાં તા. 4 ઓગસ્ટના રોજ થયેલી ઘરફોડ ચોરીનો ભેદ કીમ પોલીસે ઉકેલી કાઢ્યો છે. પોલીસે મુખ્ય આરોપી દીપક મહાજનને મહારાષ્ટ્રના જલગાંવ ખાતેથી ઝડપી પાડ્યો છે. શિવાજીનગરમાં રહેતા અલકાબેન માળીના મકાનમાં વહેલી સવારે તસ્કરોએ પ્રવેશ કરી લોખંડનું કબાટ તોડી અંદરથી આશરે 11 તોલા સોનું તથા રોકડ રકમ મળી કુલ આશરે 5 લાખથી વધુનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કીમ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને આરોપી મહારાષ્ટ્રના જલગાંવ ખાતે હોવાની કડી મળી હતી. કીમ પોલીસની ટીમે સ્થાનિક પોલીસની મદદથી જલગાંવ ખાતે આરોપી દીપક મહાજનના ઘરે તપાસ હાથ ધરી હતી. તેના ઘરેથી આશરે 5 લાખની રોકડ રકમ મળી આવી હતી. પોલીસ તપાસમાં આરોપીએ જલગાંવની રુદ્ર જ્વેલર્સ ખાતે ચોરીનું સોનું વેચ્યું હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સોનું ખરીદનાર તથા વેચનાર બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કીમ પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં ચાર દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

# પાલેજનો ૧૬ વર્ષથી ફરાર આરોપી જયપુરથી ઝબ્બે

ભરૂચ: પાલેજ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૦માં નોંધાયેલા ગુના સાથે સંકળાયેલો આરોપી રાહુલ ઉર્ફે સત્યેન્દ્ર શ્યામસુંદર શર્મા જયપુરમાં છુપાયેલો હોવાનું સામે આવ્યું. આ માહિતીના આધારે ભરૂચ પેરોલ-ફર્લો સ્ક્વોડે ટીમ તાત્કાલિક જયપુર પહોંચી હતી. સઘન તપાસ બાદ આરોપીને જયપુરના સોડાલા વિસ્તારમાંથી અટકાયતમાં લેવામાં આવ્યો. આરોપી વિરુદ્ધ પાલેજ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાયેલો છે. તપાસમાં એ પણ ખુલ્યું કે આ આરોપી અગાઉ રાજસ્થાન પોલીસની જાપ્તામાંથી પણ ફરાર થઈ ગયો હતો. આરોપીનો ગુનાહિત ઈતિહાસ જૂનો છે, જેમાં રાજસ્થાનના ભીલવાડા પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪૦૬, ૪૨૦ હેઠળના ગુનાઓ અને બિયાવર સિટી પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪૦૬, ૪૨૦ અને ૧૨૦(બી) હેઠળના ગુનાઓનો સમાવેશ થાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના માછીવાડમાં મટકાનો જુગાર રમાડતો એક ઝડપાયો

માંડવી: માંડવીના માછીવાડ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જાહેર જગ્યા પર જાહેરમાં કલ્યાણ બજારના મટકાના આંકડા લખી હારજીતનો જુગાર રમાડતા ગઢસીંગ જેસીંગભાઇ પવાર (ઉં.વ.૩૭, રહે., માંડવી- મેવલી ફળિયું, તા. માંડવી)ને માંડવી પોલીસે બાતમીના આધારે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી આંકડા લખેલી બુક, બોલપેન, કાર્બન પેપર તેમજ રોકડા કુલ રૂ.૨,૨૫૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સોનગઢમાં મહિલાને અશ્લિલ મેસેજ મોકલનાર આરોપી ઝડપાયો



સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સોશિયલ મીડિયાના માધ્યમથી મહિલાને અણગમતા અને અશ્લિલ મેસેજ મોકલી માનસિક ત્રાસ આપનાર આરોપી અશોક સુભાષ પ્રધાન (ઉં.વ.૩૧, રહે., ખાંજર ગામ, સોનગઢ, મૂળ રહે., નિઝર)ને સોનગઢ પોલીસે ઝડપી પાડ્યો છે. ફરીયાદી મહિલાના વોટ્સએપ પર અભદ્ર મેસેજો કરવા અંગે ગત ૨૯ જૂન ૨૦૨૬ના રોજ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેના મોબાઈલ ફોનમાંથી ફરિયાદીને અશ્લિલ મેસેજો મોકલ્યા હોવાની કબૂલાત કરી હતી.

### તાતીથૈયામાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામની હદમાં આવેલ સોનીપાર્ક પારેખ એસ્ટેટની ખુલ્લી જગ્યામાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં કોઈ બીમારીના કારણે યુવકનું મોત નીપજ્યું હોવાની આશંકા સેવાઈ રહી છે. મરણ જનાર અજાણ્યા યુવકની ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષ છે.

### ઈદે-એ -મિલાદને લઈને કીમમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ




કીમ: ઈદે મિલાદ (મિલાદ-ઉન-નબી)ના પવિત્ર તહેવારને લઈને કીમ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કીમ પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એ. જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કીમના મુસ્લિમ સમાજના આગેવાનો, સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ઈદે તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સૌએ પોલીસને સહકાર આપવાની ખાતરી આપી હતી.

### સુરત જિ.પ્રા. શિક્ષક સંઘના તમામ હોદ્દેદારોની બિનહરિફ વરણી



સાયણ: ઓલપાડ ખાતેની મુખ્ય પ્રાથમિક શાળામાં યોજાયેલા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ૫૦મા ત્રિ-વાર્ષિક અધિવેશનમાં સંઘના તમામ હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જ્યારે સંઘના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલમાં ઓલપાડ તા.પં.ના ચૂંટાયેલા સભ્ય કિરીટ પટેલની મહેનત રંગ લાવતા હોદ્દેદારોની ચૂંટણી ટળી હતી. પ્રમુખ:બળદેવ પટેલ (કુદિયાણા પ્રા.શા,તા.ઓલપાડ), મહામંત્રી: બિપિન પટેલ (વહેવલ પ્રા.શા,તા.અંબિકા), બે સિનિયર કાર્યવાહક પ્રમુખો પૈકી ભૂપેશ ચૌધરી (ગોડધા પ્રા.શા,તા.માંડવી અને આશિષ મૈસુરિયા (ખરવાસા પ્રા.શા,તા. બારડોલી), બે કાર્યવાહક પ્રમુખો પૈકી ઈમરાનખાન પઠાણ (મોસાલી પ્રા.શા,તા. માંગરોલ) અને નરેશ પટેલ (ઉમરદા પ્રા.શા, તા.ઉમરપાડા), નાણાંમંત્રી: ચેતન મેસિયા(સામરોદ પ્રા.શા,તા. ચોર્યાસી), ચાર ઉપપ્રમુખો પૈકી રસિક ચૌધરી (નરેણ પ્રા.શા, તા.અરેઠ), રાકેશ ચૌધરી (મહુડી પ્રા.શા,તા. મહુવા), અરવિંદ ગામીત(જતપોર પ્રા.શા,તા. પલસાણા) તથા મુકેશ સેખિયા (નવાગામ પ્રા.શા, તા.કામરેજ) બે મહિલા ઉપપ્રમુખો પૈકી રીના રોઝલીન (નનસાડ પ્રા.શા, તા.કામરેજ) તથા રંજનબેન ચૌધરી (ગોડસંબા કુમાર પ્રા.શા,તા.માંડવી)ની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

# નિઝરમાં શિવસેનાનો વિમલ ગુટકાના વેપારી સામે હલ્લાબોલ

કુકરમુંડા: નિઝરના રામદેવ નગર વિસ્તારમાં આવેલા મયુર ટ્રેડર્સ નામના ગોડાઉન ખાતે શિવસેનાના કાર્યકર્તાઓ પહોંચ્યા હતા અને ગોડાઉનનું શટર બંધ કરાવી વેપારીને ત્યાંથી ભગાડી મુકવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના નંદુરબારથી નિઝર ખાતે આવી વિમલ ગુટકાનો વેપાર કરતા હોલા શેઠ નામના વેપારી સામે શિવસેનાના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોના આક્ષેપ મુજબ, વેપારી દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે મોટા પ્રમાણમાં વિમલ ગુટકાની હેરાફેરી કરવામાં આવે છે તેમજ જીએસટી બિલ વગર માલની હેરાફેરી થતી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

# શેરબજારમાં નફાની લાલચે આસિ.મેનેજરે 65 લાખ ગુમાવ્યા

**રૂ.2.73 કરોડ** બતાવેલો નફો ઉપાડવા જતાં વિવિધ ચાર્જ પેટે ઠગોએ રકમ માંગી

ભરૂચ: શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી નાગરિકોને ઠગતી સાયબર ગેંગે હવે ભરૂચના ઝાડેશ્વર રોડ સ્થિત આર.કે. હેબીટેટમાં રહેતા અને ઝઘડિયા GIDCની બ્રિટાનિયા કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા રાઘવેન્દ્રસિંહ છત્રપાલસિંહને પોતાનો શિકાર બનાવ્યો છે. 47 વર્ષીય રાઘવેન્દ્રસિંહ છેલ્લા 10-12 વર્ષથી શેરબજારમાં રોકાણ કરતાં હોવાથી સાયબર ઠગોએ સોશિયલ મીડિયા દ્વારા તેમને એક ટ્રેડિંગ ગૃપમાં જોડ્યા હતા. આ દરમિયાન 'લક્ષ્મી ગોપાલસ્વામી' નામની મહિલા તેમની સાથે સંપર્કમાં આવી અને વિવિધ રોકાણ યોજનાઓ સાથે શેરબજારમાં આકર્ષક નફાની લાલચ આપી હતી.

ઠગોએ 24 માર્ચ 2025થી 6 મે 2025 દરમિયાન જુદા-જુદા બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે કુલ 65.25 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. જોકે, તેમાંથી માંડ રૂ.5,000 પરત આવ્યાં હતા. ઠગોએ એપમાં એપ્રિલના અંત સુધીમાં રૂ.2.73 કરોડથી વધુનો નફો બતાવ્યો હતો પરંતુ જ્યારે રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે સાયબર ઠગોએ ટેક્સ અને પ્રોસેસિંગ ફીના નામે વધુ રકમની માંગણી કરી હતી. સાયબર પોલીસે ગુનો નોંધી બેંક ખાતાઓની વિગતોના આધારે તપાસ હાથ ધરી છે.

# કીમના દીપનગરમાં 2 લાખની મતાની ચોરી

કીમ: કીમ ગામે આવેલા દીપનગર સોસાયટીમાં ચોરીની ઘટના સામે આવી છે. એક જ અઠવાડિયામાં ચોરીની આ બીજી ઘટના બનતા સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ, દીપનગર સોસાયટીમાં રહેતા કમળાબેન હેમંતભાઈ પરમાર પરિવાર સાથે મોટી નરોલી ગામે સામાજિક પ્રસંગમાં ગયા હતા. દરમિયાન ગત રાત્રિના સમયગાળા દરમિયાન તેમના મકાનમાં ચોરી થઈ હોવાની શંકા છે. ચોરોએ મકાનમાંથી અંદાજે રૂ.2 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી કરી હોવાની માહિતી મળી છે. જેમાં આશરે 6 ગ્રામની સોનાની ચેન, 4 ગ્રામની બુટ્ટી, 4 ગ્રામનું પેન્ડલ, ચાંદીના સાંકળાનો સમાવેશ થાય છે. અઠવાડિયામાં કીમમાં ચોરીની બીજી ઘટનાથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે.

# સિંચાઈ યોજનાના ઢાળીયાને નુકસાન, KPI ગ્રીનને નોટિસ

**સોલાર** પેનલ નાંખતા સમયે થયેલા નુકસાન બદલ કંપનીએ માફી પણ માંગી, સમારકામની ખાતરી આપી

ભરૂચ: વાલિયાના ભિલોડ આસપાસનાં ખેતરોમાં કરજણ સિંચાઈ ડિસ્ટ્રીબ્યુટરી નહેરના ઢાળીયા (water course)ને નુકસાન પહોંચાડવા બદલ સિંચાઈ વિભાગ દ્વારા અગાઉ બે વખત કઠિત KPI ગ્રીન એનર્જી લિમિટેડને નોટિસ ફટકારી હતી. સિંચાઈ વિભાગીય કચેરી (ઝઘડીયા) દ્વારા મળેલી માહિતી મુજબ, KPI ગ્રીન દ્વારા ભીલોડ ગામમાં સોલાર પેનલો બેસાડવાની કામગીરી દરમિયાન માઈનર-૧ નહેર અને તેની સાથે જોડાયેલા ઢાળીયાને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ અંગે તા-૧૧મી ફેબ્રુઆરીના રોજ સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં જણાયું કે કંપનીએ ઢાળીયાની જમીનમાંથી પસાર થતી પાઈપ લાઈન (UGPL) ઉપર સ્ટ્રક્ચર બનાવવા માટે ડ્રીલ કરી હોલ કર્યો હતો, જેનાથી પાઈપ લાઈનને નુકસાન થયું અને આશરે ૮૦ મીટર લાંબી ખુલ્લી ચેનલ તોડી નંખાઈ હતી. આ મામલે કંપનીને નોટિસ ફટકારીને તેને વહેલી તકે સમારકામ કરવા જણાવ્યું હતું.

KPI ગ્રીન એનર્જી દ્વારા જવાબ આપતાં જણાવ્યું હતું કે, કંપનીએ ભૂલની નોંધ લઈને પોતાના ખર્ચે અને સંપૂર્ણ જવાબદારી સાથે સમારકામ શરૂ કરી દીધું છે અને બાકીનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

# બુહારી વાડી ફળિયાના પાંચ યુવાનોએ હળપતિ સમાજના યુવાનોને જાહેરમાં જાતિ વિષયક ગાળો આપી અપમાનિત કર્યા

**ડીવાયએસપી** (એસટી/એસી સેલ) તાપી નિકિતાબેન શિરોયા દ્વારા ફરિયાદી સાથે આરોપી જેવું વર્તન કરવામાં આવ્યું

**વાલોડ** તાલુકા ભાજપ યુવા મોર્ચા મહામંત્રી નૈતિક ભંડારીની ગુંડાગીરી ભાજપને બદનામ કરવાની કરતૂત

બુહારી, વાડી ફળિયું-૧, અક્કલ ટેકરી વિસ્તારના યુવાનો વર્ષોથી શ્રી સાંઇ ગણેશ યુવક મંડળના નામે ગણેશ ઉત્સવનું આયોજન કરે છે. દર વર્ષે લોક ફાળા ઉઘરાવીને આયોજન કરવામાં આવે છે જે રસીદ બુક પણ છપાવવામાં આવે છે. જે બાબતે વાડી ફળિયામાં બીજા ગણપતિ નવા નવા મુકવાના શરૂ થયા છે. શ્રી નમો નમ: ગણેશ મંડળ જેઓના આયોજકોએ જાણે પોતે જ વાડી ફળિયાના માલિક હોય એ રીતે વાડી ફળીયું-૧, અક્કલ ટેકરી વિસ્તારના રહીશોની રસીદ બુકનો ફોટો સોશિયલ મીડિયામાં પ્રસારીત કરી વાડી ફળિયામાં નમો: નમ નામનું એક જ ગણેશ મંડળ છે અન્ય કોઇ મંડળ નથી જેથી કોઇએ ફાળો આપવો નહિ એ પ્રકારના લખાણ સાથે ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, વોટસએપમાં પ્રસારિત કર્યું હતું. આટલું ઓછું હોય તેમ શ્રી સાંઇ ગણેશ યુવક મંડળ (વાડી ફળિયુ-1) અક્કલ ટેકરીના યુવાનો પાસે જઇને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી, સુધરી જજો નહિ તો હાથ ટાંકીયા તોડી નાખીશું તેમજ જાનથી મારી નાખીશું એવી જાહેરમાં ધમકી આપી હતી તેમજ તમને લોકોને જાહેરમાં ગધેડા ઉપર બેસાડી મોઢું કાળુ કરી આખા ગામમાં ફેરવીશું એવી ધમકી આપી ગયા હતા.

ત્યારબાદ આ સાંઇ યુવક ગણેશ મંડળના યુવાનો ભેગા થઇ નવા બનેલા મંડળ નમો:નમના આયોજકો પાસે જઇને સમજાવ્યા હતા કે તમે કેમ અમારી સાથે આવું વર્તન કર્યું? ત્યારે ફરીથી જાતિ વિષયક ગાળો આપી અપમાનિત કર્યા હતા. જેથી હેમંતભાઇ ઠાકોરભાઇ રાઠોડ (રહે. વાડી ફળીયુ-1) બુહારીએ વાલોડ તાલુકા ભાજપ યુવા મોર્ચા મહામંત્રી નૈતિક ભંડારી, અર્ચિત ભંડારી, આર્યન ભંડારી, જિજ્ઞેશ ભંડારી, મનોજ ભંડારી વિરુધ્ધ એટ્રોસિટી એક્ટ અંતર્ગત કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ ધારાસભ્ય તેમજ જિલ્લા પંચાયત પ્રમુખના રાજકીય દબાણમાં પોલીસે ફરિયાદી સાથે આરોપી જેવું વર્તન કર્યું હતું.

ડીવાયએસપી (એસટી/એસસી સેલ) નિકિતાબેન શિરોયા દ્વારા સ્થળ ઉપર પંચનામામાં બહારે ફરિયાદ, સાક્ષી તેમજ પંચો સાથે ગેરવર્તૂકકરી આરોપી જેવુ વર્તન કર્યું હતું. જેથી સ્થાનિક લોકોએ પોલીસને જણાવ્યું હતું કે પોલીસ પ્રજાની મિત્ર છે દુશ્મન નથી. રાજકીય ઇશારે કામ કરશો તો કોર્ટના શરણે જઇશું જણાવતા પોલીસે વલણ થોડુ બદલ્યું હતું.

તેમજ પોલીસે સામાપક્ષે રાજકીય દબાણ હેઠળ હળાહળ ખોટી ફરિયાદ એટ્રોસીટીની ફરિયાદ કરનારા હેમંતભાઇ રાઠોડ, નયનભાઇ રાઠોડ, અરૂણભાઇ રાઠોડ તેમજ વિરુ રાઠોડ ઉપર મારામારીની ફરિયાદ દાખલ કરી છે.

# વાવેલા વૃક્ષોના ઉછેરનો સંકલ્પ સૌએ લેવો જોઈએ: પ્રફૂલ પાનશેરીયા




**કામરેજના** ટીંબા ગલતેશ્વર ખાતે આરોગ્ય રાજ્ય મંત્રીના અધ્યક્ષસ્થાને વન મહોત્સવ યોજાયો

કામરેજ: રાજ્યવ્યાપી 77મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત કામરેજ તાલુકાના ટીંબા ગામે આવેલા ગલતેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો. વન સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વનરક્ષકો તેમજ પર્યાવરણનું જતન કરનાર ઉત્સાહી સ્વયંસેવકોનું વિશેષ સન્માન કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. સાથે જ સામાજિક વનીકરણ વિભાગ, સુરત દ્વારા પ્રકાશિત ખાસ માહિતી પુસ્તિકાનું વિતરણ અહીં ઉપસ્થિત ખેડૂતો, ગ્રામજનોને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વન મહોત્સવ અને વનીકરણ પ્રવૃત્તિઓને વૃક્ષો માત્ર ઓક્સિજનના સ્ત્રોત જ નથી, પરંતુ સમગ્ર પર્યાવરણ, જળચક્ર, પશુ-પક્ષીઓ અને વન્ય-માનવજીવન સાથે સીધા જોડાયેલા છે. તેથી વન મહોત્સવ માત્ર એક દિવસની ઉજવણી પૂરતો સીમિત ન રહે, પરંતુ વૃક્ષારોપણ અને વાવેલા વૃક્ષોના ઉછેરનો સંકલ્પ સૌએ લેવો જોઈએ. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ સમીર મોદી,ધારાસભ્ય ગણપત વસાવા,સુરત વન વર્તુળના વન સંરક્ષક પુનિત નૈયર,ભરૂચ વન વર્તુળના વન સંરક્ષક આનંદ કુમાર તથા નાયબ વન સંરક્ષક મિનલ સાવંત,વન વિભાગના તમામ રેંજના અધિકારી, કર્મચારીઓ,પ્રકૃતિપ્રેમીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તાતીથૈયામાં ગરમ કૂકર પડતાં દોઢ વર્ષનું માસૂમ દાઝ્યું

પલસાણા: મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ તાતીથૈયા ગામમાં આવેલા સોનીપાર્ક-૦૧માં પ્રમોદભાઈની બિલ્ડિંગના રૂમ નં.૧૨માં રહેતા પાર્વતીબેન રાજેશ રાવત (ઉં.વ.૨૮) પોતાના રૂમમાં ભોંયતળીયે ગેસની સગડી રાખી રસોઈ બનાવી રહ્યા હતા. તે જ સમયે તેમનો દોઢ વર્ષનો પુત્ર શુભમ અચાનક બહારથી રમતો રમતો આવ્યો હતો અને બાળકે અજાણતા જ કૂકરનું હેન્ડલ પકડીને ખેંચી લેતાં ગરમ પાણીથી ભરેલું કૂકર સીધું તેના પર પડ્યું હતું. શુભમના પેટના ભાગે તેમજ બંને પગ ના ઘૂંટણની નીચેના ભાગે દાઝી જતાં તાત્કાલિક સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

## જાહેરનામું

આથી માંગરોળ ગૃપ ગ્રામ પંચાયતની જાહેર જનતાનું જણાવવાનું કે માંગરોળ ગામે વર્ષ ૧૯૬૦ થી ૧૯૮૯ નાં જન્મ-મરણ રજીસ્ટરો તેમજ ગડકાછ ગામના વર્ષ ૧૯૬૨ થી ૧૯૭૬,૧૯૯૨ ના જન્મ-મરણ રજીસ્ટર રેકર્ડનું પુનઃગઠન(નવા રજીસ્ટર બનાવવા) કરવાનું હોવાથી તા.૦૧/૦૯/૨૦૨૬ થી ૩૧/૦૩/૨૦૨૭ સુધીમાં જુના જન્મ-મરણ દાખલાની ઝેરોક્ષ અથવા શાળા છોડયા પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ માંગરોળ ગ્રામ પંચાયત દફતરે જમા કરાવી જવા દરેક હિત ધરાવનાર નાગરીકોએ નોધ લેવા જણાવવામાં આવે છે.

**જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રી**
**માંગરોળ ગૃપ ગ્રામ પંચાયત જિ.સુરત**

**સ્થળ:માંગરોળ**
**તા.૨૧/૦૮/૨૦૨૬**

Milano MULTIPLEX
બારડોલી

Insidious:Out Of The Further
12:00pm, 03:00pm

Awarapan 2
11:00am, 01:00pm, 04:00pm, 05:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Batwara 1947
10:00am, 02:00pm, 06:00pm, 09:30pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333